# વરસાદનું રૌદ્રરૂપ

## નદીઓમાં પૂરપ્રકોપ, જળાશયોમાં મબલખ આવક
## અનેક શહેર-ગામડાં રોડ, રેલવે સેવાથી વિખૂટા
## કોંકણ અને મધ્ય રેલવેમાં લાંબા અંતરની ટ્રેનસેવા ઠપ,
## અડધે રસ્તે હજારો લોકો ફસાયા, બચાવ કામગીરી ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હવામાન ખાતાની આગાહી પ્રમાણે જ છેલ્લા ૪૮ કલાકમાં થાણે, બદલાપુર, પાલઘર સહિત કોંકણમાં પડેલા ભારે વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બદલાપુર, ઈગતપુરી, લોનાવલા સહિત કોંકણમાં ભારે વરસાદને કારણે રાજ્યના નદીનાળા સહિત ડેમમાં પૂરની પરિસ્થિતિ ઊભી થઈ હતી.

વિનાશક વરસાદને કારણે ગુરુવારે રાજ્યના અનેક જિલ્લાના શહેરો, ગામડાઓ રેલ તથા રોડ માર્ગથી વિખૂટા પડવાથી નાગરિકોના જીવન પર અસર પડી હતી.

મુંબઈથી ગોવા અને દક્ષિણ ભારતની ટ્રેનસેવાને સૌથી પહેલી અસર થઈ હતી, જ્યારે રાજ્યના ધોરીમાર્ગો પર પાણી ફરી વળતા તમામ શહેરોમાં અને ગામડાના રહેવાસીઓના જનજીવન પર અસર પડી હતી, જેમાં અનેક જગ્યાએ જાનહાનિના સમાચાર મળ્યા હતા.

નદીઓ, ડેમમાં જળસપાટી વધી ગયા પછી હજારો લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવાની યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ પ્રશાસન દ્વારા પહેલાથી સતર્કતા દાખવવામાં આવી હતો તો આટલી મોટી ખુવારી અટકાવી શક્યા હોત.

ભારે વરસાદને કારણે પૂર આવ્યા બાદ રત્નાગિરી ખાતે ચિપલુણ અને કમાઠે સ્ટેશન વચ્ચેની વશિષ્ઠી નદીમાં પાણીની જોખમી સપાટી પાર કરી હતી, તેથી રત્નાગિરી જિલ્લામાં કોંકણ રેલવેની ટ્રેનસેવાને તકેદારીના ભાગરૂપે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ સત્તાવાર જણાવ્યું હતું.

## હવામાન ખાતાની આગાહી પડી સાચી પણ પ્રશાસન ઊંઘતું ઝડપાયું...

આગામી ૨૪ કલાકમાં મધ્ય મહારાષ્ટ્ર સહિત કોંકણ બેલ્ટમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે ગુરુવારે આગાહી વ્યક્ત કરી હતી. ગયા શનિવારથી મુંબઈ સહિત પરાંના વિસ્તાર તથા અન્ય જિલ્લામાં ભારે વરસાદ પડવા અંગે હવામાન ખાતાએ આગાહી કરી હતી. આ અંગે હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટમાંથી 'રેડ એલર્ટ' જાહેર કર્યા પછી રાજ્યના અનેક ગામડામાં પાણીમાં ગરકાવ થયા હતા. હકીકતમાં સરકારી પ્રશાસન દ્વારા યોગ્ય કામગીરી કરી શકાઈ હોત, પણ પ્રશાસન ઊંઘતું ઝડપાયું છે. બુધવારે અને ગુરુવારે રાજ્યમાં વરસાદને કારણે રોડ-રેલવે તથા હવાઈ સેવાને અસર થવાની સાથે અનેક જિલ્લામાં પૂરના પ્રકોપને કારણે લાખો લોકોને અસર થઈ હતી, પરંતુ તેના અંગે પ્રશાસને કોઈ કામગીરી નહીં કરતા લોકોને હાલાકી પડી હતી, એવો સૂત્રોએ દાવો કર્યો હતો.

## ટ્રેનસેવા ઠપ થવાથી ૬,૦૦૦ પ્રવાસી ફસાયા મુંબઈ-ગોવા વચ્ચેનો રોડ-રેલવે વ્યવહાર ઠપ

ભારે વરસાદને કારણે કોંકણની નદીઓમાં પૂરની પરિસ્થિતિ ઊભી થવાથી રેલવે અને રોડ માર્ગ ઠપ થયો હતો, જેમાં કોંકણ અને મધ્ય રેલવેની લાંબા અંતરની ટ્રેનસેવા પર અસર થઈ હતી. મુશળધાર વરસાદને કારણે કોંકણમાં ચાલતી ટ્રેનસેવાને તાત્કાલિક સ્થગિત કરવામાં આવી હતી, તેથી લગભગ ૬,૦૦૦ જેટલા પ્રવાસી ટ્રેન તથા નજીકના સ્ટેશને ફસાયા હતા, એમ સત્તાવાર જણાવ્યું હતું.

કોંકણ રેલવેમાં લગભગ નવેક જેટલી ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ અથવા રદ કરવાને કારણે પ્રવાસીઓને પારાવાર હાલાકીનો સામનો કરવાની નોબત આવી હતી. કોંકણ રેલવેના પ્રવક્તાએ કહ્યું હતું કે કોંકણના વિવિધ રેલવે સ્ટેશનમાં ટ્રેનોને સુરક્ષાના કારણસર રોકી દેવામાં આવી હતી, જ્યારે પ્રવાસીઓને પીવાના પાણીથી લઈને નાસ્તા-ફૂડની વ્યવસ્થા કરી હતી. પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ અથવા રદ કરવામાં આવી હતી, તેથી ૫,૫૦૦થી ૬,૦૦૦ જેટલા પ્રવાસીની ટ્રેનની જર્નીને અસર થઈ છે. ચિપલુણ શહેર તથા તેની આસપાસના ગામડામાં પૂર આવતા ટ્રેનસેવા બંધ કરવામાં આવી છે. ગુરુવારે મુંબઈ સીએસએમટી-કરમાલી તેજસ એક્સપ્રેસને રદ કરી છે, જ્યારે શુક્રવારે કરમાલી-સીએસએમટી ટ્રેન રદ કરવામાં આવી છે. આ જ મહિનામાં કોંકણ રેલવેમાં બીજી વખત ટ્રેનસેવા પર અસર પડી છે. ૧૯મી જુલાઈના રોજ પણજી નજીક જૂની ગોવા ટનલમાંથી પાણી લીકેજ થવાથી ટ્રેનસેવા બંધ કરી હતી. કોંકણ રેલવેના અધિકારીએ કહ્યું હતું કે કોંકણ રેલવે ૭૫૬ કિલોમીટર લાંબો રૂટ છે, જેમાં મુંબઈમાં રોહાથી લઈને દક્ષિણ ભારતમાં મેંગલોરમાં ઠોકુરને જોડે છે. ૭૫૬ કિલોમીટરના રેલવે રૂટ્સ મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકને જોડવાનું કામ કરે છે.

## બદલાપુર, ટિટવાલા, કર્જત-કસારાવાસીઓની હાલત કફોડી

થાણે, પાલઘર, વસઈ વિરાર-નાલાસોપારા સહિત બદલાપુર, ટિટવાલા અને કર્જતમાં ભારે વરસાદને કારણે ગુરુવારે સૌથી વધુ તારાજી થઈ હતી. શહેરના રસ્તાઓની સાથે રેલવે ટ્રેક પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. ગામડાઓમાં પણ ખેતરોમાં પાણી ઘૂસી જવાથી લોકોના રોજિંદા જીવન પર અસર પડી હતી. હજારો લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવા માટે એનડીઆરએફ (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ટીમને બોલાવવામાં આવી હતી. શાહપુર તાલુકાના સાપગાંવ ખાતેના બ્રિજને નુકસાન થવાથી ટ્રાફિકસેવા (જુઓ પાનું ૪)



**સેફ્ટી:** કોલ્હાપુરમાં ભારે વરસાદ પછી પાલિકા પ્રશાસન દ્વારા નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

## ચિપલુણમાં વાદળ ફાટ્યું

મુંબઈ: કોંકણમાં ચિપલુણ ખાતે વાદળ ફાટતા તાલુકાના ગામડા સહિત શહેરના તમામ વિસ્તારોમાં વરસાદના પાણી ફરી વળતા નાગરિકો માટે ગુરુવારનો દિવસ ભારે હાલાકીભર્યો રહ્યો હતો. ભારે વરસાદને કારણે તાલુકાની વિવિધ નદીઓમાં પૂર આવવાને કારણે ચિપલુણ શહેરના રહેવાસી વિસ્તારો, રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હતા, પરિણામે ટ્રેન તથા રસ્તાઓ પરના વાહન-વ્યવહાર ખોરવાયો હતો. ગુરુવારે પડેલા ભારે વરસાદને કારણે ચિપલુણ શહેરના નીચાણવાળા રહેવાસી વિસ્તારોના ઘરો, દુકાનોના પહેલા માળ સુધી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, પરિણામે હજારો લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે વરસાદને (જુઓ પાનું ૪)



**સન્નાટો:** મુંબઈ અને પરાંના વિસ્તાર સહિત થાણે-બદલાપુરમાં પડેલા ભારે વરસાદને કારણે ટ્રેનસેવા ઠપ થવાથી મધ્ય રેલવેનું છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે એક પણ પ્રવાસી જોવા નહીં મળતા સૂનકાર વ્યાપેલો જોવા મળ્યો હતો. (અમય ખરાડે)



**ગરકાવ:** ભારે વરસાદને કારણે ૨૦૧૯માં બદલાપુરમાં પૂર આવ્યા બાદ ગુરુવારે ફરી એક વખત એ જ વાતનું પુનરાવર્તન થયું હતું. બુધવારે પડેલા ભારે વરસાદને કારણે બદલાપુરના રસ્તા સહિત તમામ રહેવાસી વિસ્તારોમાં વરસાદના પાણીમાં ગરકાવ થયેલા જોવા મળ્યા હતા. (પીટીઆઈ)



**ભરતીએ ઠાલવી ગંદકી:** દરિયામાં રહેલી ભરતીને કારણે મરીન લાઈન્સના કિનારા પર મોટા પ્રમાણમાં દરિયાના ઉછળતા મોજાએ ઠાલવેલા કચરાને સાફ કરી રહેલા મુંબઈ મહાનગર-પાલિકાના કર્મચારીઓ. (અમય ખરાડે)



**બેહાલ:** હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવ્યા પછી પણ થાણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ભિવંડીના નદીનાકા વિસ્તારની ઝૂંપડપટ્ટીઓમાં પાણી ફરી વળતા સ્થાનિક લોકોના બેહાલ થયા હોવાનું જણાતું હતું. (પીટીઆઈ)

## જળાશયોમાં ૨૦૨ દિવસનું પાણી જમા

### મુંબઈગરાનું પાણીનું સંકટ ટળી ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પૂરું પાડનારા સાત જળાશયોમાંથી મુંબઈ મહાનગરપાલિકાની માલિકીનું સૌથી મોટુ મોડક સાગર અને તાનસા ગુરુવારે વહેલી સવારે છલકાઈ ગયું હતું. મુશળધાર વરસાદને પગલે ફક્ત ૨૪ કલાકમાં જ જળાશયોમાં ૧૭ ટકા જેટલું પાણી વધી ગયું હતું. એટલે કે ૨૪ કલાકમાં ૬૪ દિવસનું પાણી જળાશયોમાં જમા થઈ ગયું હતું. જળાશયોમાં પાણીની વધતી સપાટીને પગલે મુંબઈગરાને માથેથી પાણી કાપનું સંકટ દૂર થઈ ગયું છે.

વરસાદે મહારાષ્ટ્રના મોટાભાગના જિલ્લાને ઘમરોળી નાંખ્યું છે. જેમાં થાણે જિલ્લામાં આવેલા જળાશયોમાં પણ નવા પાણીની સારી એવી આવક થઈ છે. ગુરુવારે વહેલી સવારના ૦૩.૨૪ વાગે મોડક સાગર છલકાયું હતું અને તેના થોડા કલાકોમાં સવારના ૫.૪૮ વાગે તાનસા પણ છલકાઈ ઉઠ્યું હતું. ગયા વર્ષે ૧૮ ઓગસ્ટના રાતના ૯.૨૪ વાગે મોડક સાગર છલકાયું હતું. તો ૨૦ ઓગસ્ટના સાંજના ૭.૦૫ વાગે તાનસા છલકાયું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે મુંબઈમાં ભારે વરસાદને પગલે મુંબઈમાં જ આવેલું તુલસી ૧૬ જુલાઈના અને વિહાર ૧૮ જુલાઈના છલકાયું હતું. એટલે કે સાતમાંથી ચાર જળાશયો છેલ્લા એક અઠવાડિયામાં જ છલકાઈ ગયા છે.

બુધવારે સાતેય જળાશયોમાં ૫,૩૧,૭૩૪ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો. ૨૪ કલાકના વરસાદમાં ગુરુવારે સવારે જળાશયોમાં ૭,૭૯,૫૬૮ મિલિયન લિટર જેટલું પાણી થઈ ગયું હતું. ફક્ત ૨૪ કલાકમાં ૨,૪૭,૮૩૪ મિલિયન જેટલું એટલે કે ૬૪ દિવસનું પાણી (જુઓ પાનું ૪)

### અઠવાડિયામાં ૩૬ ટકા પાણી વધ્યું

સાતેય જળાશયોમાં ગયા શુક્રવારે એટલે કે ૧૬ જુલાઈના માત્ર ૧૭ ટકા જેટલું પાણી હતું. જોકે અઠવાડિયાથી મુંબઈ સહિત જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત વરસાદ પડી રહ્યો છે. તેને કારણે જળાશયોમાં ૩૬ ટકા જેટલું વધી ગયું છે. ગુરુવાર સવારના સાતેય જળાશયોમાં ૭,૭૯,૫૬૮ મિલિયન લિટર એટલે કે ૫૩.૬૮ ટકા જેટલું પાણી જમા થયું હતું. ગયા વર્ષે ૨૨ જુલાઈના ૪,૧૬,૪૨૯ મિલિયન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો.

### મોડકમાંથી ૧૧ ટકા પાણી પાણી

પાલિકાના પાણી પુરવઠા ખાતાના જણાવ્યા પ્રમાણે મુંબઈને પ્રતિદિન સાતેય જળાશયમાંથી ૩૮૫૦ મિલિયન લિટર જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે. તેમાંથી મોડક સાગરમાંથી મુંબઈને ૧૧ ટકા જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે. મુંબઈમાં આવેલા વિહાર અને તુલસીમાંથી એકથી બે ટકા જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે. તો મધ્ય વૈતરણામાંથી ૧૨ ટકા, તાનસામાંથી ૧૦ ટકા અને અપર વૈતરણામાંથી ૧૬ ટકા જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે.

### ભાતસામાં ૨૪ કલાકમાં ૩૩૬ મિ.મી. વરસાદ

મુંબઈને લગભગ ૪૮ ટકા પાણી પુરવઠો ભાતસામાંથી કરવામાં આવે છે. ભાતસા રાજ્ય સરકારની માલિકીનું છે. તેમાંથી બાકીનું પાણી રાજ્યના અન્ય જિલ્લાઓને ખેતી માટે આપવામાં આવે છે. ૨૪ કલાક દરમિયાન ભાતસાના કેચમેન્ટ એરિયામાં૩૩૬ મિ.મી. જેટલો વરસાદ પડયો હતો.

## ઉંબરમાલી રેલવે સ્ટેશનની સમાધિ, લોકલ ટ્રેન બંધ

બુધવારે મોડી રાત સુધીમાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સાથે ઠેરઠેર રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થવાની સાથે ભૂસ્ખલનના બનાવ બન્યા હતા. કલ્યાણ, અંબરનાથ, બદલાપુર, કર્જત, કસારા સહિતના આસપાસના શહેર-ગામડા જળમગ્ન થયા હતા, પરિણામે આસપાસની નદીમાં પૂર આવ્યા હતા. મધ્ય રેલવેમાં ઉંબરમાલી રેલવે સ્ટેશન પર મોડી રાતના પૂરના પાણી ધસી જતા રેલવે ટ્રેકનું ધોવાણ થઈ ગયું હતું. આ અંગે મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શિવાજી સુતારે કહ્યું હતું કે વરસાદને કારણે સીએસએમટીથી ટિટવાલા તથા અંબરનાથ સુધી ટ્રેનસેવા ચાલુ રાખવામાં આવી હતી. રાતના ૧૦.૧૫ વાગ્યાના સુમારે ટિટવાલા-ઈગતપુરી વચ્ચે કસારા નજીક ઉંબરમાલી રેલવે (જુઓ પાનું ૪) ▶▶

### મધ્ય રેલવેના ઘાટ સેક્શનમાં ૧૭ કલાકે ટ્રેન ચાલુ

બુધવારે રાતના નવેક વાગ્યાથી ગુરુવારે સાંજના મુંબઈ અને કસારા સેક્શન વચ્ચે લગભગ ૧૭ કલાક પછી ટ્રેનસેવા ચાલુ કરવામાં આવી હતી. ઉંબરમાલી રેલવે સ્ટેશન નજીક પૂરના પાણી ફરી વળ્યા બાદ બુધવારે રાતના ટ્રેનસેવા સ્થગિત કરવામાં આવી હતી, જેમાં યુદ્ધના ધોરણે મેઈન્ટેનન્સની કામગીરી ચાલુ કરી હતી. કાલુ નદીમાં પૂર આવ્યા પછી રેલવે ટ્રેક અને અન્ય સામગ્રીને નુકસાન થયું હતું. કસારા અને ઈગતપુરી વચ્ચે પણ ટ્રેકનું ધોવાણ, ભૂસ્ખલન થવાને કારણે ટ્રેક તૂટી ગયા હતા. જોકે, ગુરુવારે બે જેસીબી, (જુઓ પાનું ૪) ▶▶

## એનડીઆરએફની નવ ટીમ તહેનાત



મુંબઈ નજીક થાણે જિલ્લાની સાથે કોંકણમાં ભારે વરસાદને કારણે પૂરનું સકંટ તોળાઈ રહ્યું હોવાથી લોકોને બચાવવા માટે નવ જેટલી એનડીઆરએફની ટીમને તહેનાત કરવામાં આવી છે. મુંબઈમાં ચાર તથા થાણે, પાલઘર જિલ્લામાં એક-એક ટીમને ઉતારવામાં આવી છે. આ ઉપરાંત, ગુરુવાર બપોર પછી રત્નાગિરી જિલ્લામાં એક ટીમને મોકલવામાં આવી છે. કોંકણ સિવાય કોલ્હાપુરમાં પરિસ્થિતિ વિકટ બનવાથી બે (જુઓ પાનું ૪) ▶▶

### પીવાના પાણીપુરવઠાને અસર

૨૦૦૫ તથા ૨૦૧૯ પછી ફરી વખત ભારે વરસાદને કારણે બદલાપુર સહિત કર્જત કસારાના વિવિધ વિસ્તારોમાં પૂરની પરિસ્થિતિ ઊભી થયા પછી સામાન્ય જનજીવન પર અસર પડી હતી. જિલ્લાના ડેમ અને નદીઓમાં પૂર આવવાને કારણે પીવાના પાણીના પમ્પિંગ સ્ટેશનમાં વરસાદના પાણી ફરી વળ્યા હતા, તેથી આગામી બેથી ત્રણ દિવસોમાં પાણીનો પર્યાપ્ત પુરવઠો પહોંચાડવાનું મુશ્કેલ રહેશે. આગામી બેથી ત્રણ દિવસ સુધી કલ્યાણ, ડોંબિવલી, કર્જત-કસારા, બદલાપુર સહિતના અન્ય શહેરમાં પીવાના પાણીની તંગી થઈ શકે છે.

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**